# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# શ્રી સમયસાર, ગાથા ૩૨૦, અધ્યાત્મ પ્રવચન રત્નત્રય
# પ્રવચન નં:- ૩૬, તા:- ૧૩-૧૨-૧૯૮૭.

પાનું પાંચમું છેલ્લો પારો ફરીથી. **તે ત્રણમાં, તે ત્રણમાં** એટલે જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ ત્રણ પ્રકારના પારિણામિકભાવ કહ્યા, આના ઉપરના પારામા. **તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ** એટલે કે મોક્ષ જવાને યોગ્ય એવો જે જીવ જેની પર્યાયમાં યોગ્યતા થઈ ગઈ છે, તે અલ્પકાળમાં મોક્ષ થશે. એ જીવોને ભવ્ય કહેવામાં આવે. ભવ્ય એટલે લાયક, મોક્ષ થવાની લાયકાત.

એવા **ભવ્યત્વલક્ષણ પારિણામિકને**, પારિણામિકના ત્રણ પ્રકાર છે. એક જીવત્વપારિણામિક, ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક. એમાં અત્યારે ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો, અભવ્યત્વની તો વાત જ નથી. અભવ્યનો મોક્ષ થતો જ નથી, અને જીવ તો પોતે મોક્ષ સ્વરૂપ છે એટલે એનો પણ મોક્ષ થતો નથી. તો **ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ** જયાં જે યોગ્ય હોય તે લઈ લેવું. **સમ્યક્ત્વાદિ જીવગુણોનું**, એટલે જીવના પરિણામોનું **ઘાતક** એટલે બાધક **'દેશઘાતી'** કર્મ અને **'સર્વઘાતી'** કર્મ **એવા નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું.**

સમ્યગ્દર્શન થવામાં એ સર્વઘાતી કર્મ નિમિત્ત હોય તો એને મિથ્યાત્વભાવ આવે. અને ક્ષયોપશમ સમ્યગ્દર્શન થાય તો ઘાતીકર્મનો ઉદય હોય. **એવા નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે**, વ્યવહારનયે **ઢાંકે છે**. એ પર્યાયને જીવના ગુણોને એટલે જીવના પરિણામને તે પર્યાયાર્થિકનયે ઢાંકે છે, આચ્છાદિત કરે છે **એમ જાણવું**. એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બે વચ્ચે કર્તા-કર્મ સંબંધ નથી. કર્મનો ઉદય થાય તો એને બિલકુલ સમ્યગ્દર્શન ન થવા દયે એવી એનામાં તાકાત નથી. સમ્યગ્દર્શન ન થાય ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થાય તો કર્મને ઉપશમ આદિ કહેવામાં આવે છે, એમ જાણવું.

**ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે**, પાંચ લબ્ધિમાં કોઈ વખતે પુરુષાર્થની મુખ્યતાથી વાત કરે, કોઈ વખતે કાળલબ્ધિથી વાત કરે, કોઈ વખતે હોનહાર છે એનાથી વાત કરે એમ અહીંયા કાળાદિ લબ્ધિના કાળ આદિ એમાં કાળમાં પાંચે લબ્ધિ આવી જાય. **વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે.** જુઓ! ભવ્યત્વલક્ષણ પારિણામિક તો હતું. લાયકાત તો હતી. પણ લાયકાત હોવા છતાં પણ જીવને સમ્યગ્દર્શન ક્યારે થાય છે કે, એનો સ્વકાળ પાકે ત્યારે. સ્વકાળ એટલે પર્યાયનો કાળ પાકે ત્યારે. દ્રવ્યમાં અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ તો હતી સમ્યગ્દર્શન થવાની, પણ એનો કાળ પાકે ત્યારે થાય છે. કાળ પાકે ત્યારે એ જીવ શું કરે છે એ પણ આવે છે એમાં. **ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ**, આ જીવ શું કરે જ્યારે કાળ પાકે ત્યારે? આ જીવ **સહજ** એટલે સ્વાભાવિક, **શુદ્ધ** એટલે નિત્ય શુદ્ધ, **પારિણામિકભાવલક્ષણ** એટલે ત્રણેય કાળ ચેતન, ચેતન જ રહે, કોઈ દિવસ ચેતન જડરૂપે ન થાય એને પારિણામિકભાવ કહેવામાં આવે છે.

એ લક્ષણ **નિજપરમાત્મદ્રવ્યનાં**, પોતાના પરમાત્મ સ્વભાવના **સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન,**

**સમ્યક્અનુચરણરૂપે**, **પર્યાયે**, પર્યાયરૂપે, **પરિણમે છે.** જ્યારે પોતાનો કાળ પાકે છે ત્યારે જીવ આત્માની સન્મુખ થઈને પરિણમે છે. કેવો આત્મા? સહજ શુદ્ધ, પારિણામિકભાવલક્ષણ, નિજપરમાત્મ દ્રવ્ય એની સન્મુખ થઈને એનું શ્રદ્ધાન, નિજપરમાત્માનું જ્ઞાન ને નિજપરમાત્માનું અનુચરણ એ પર્યાયે પરિણમે છે. એ અનંતકાળથી સમ્યગ્દર્શનરૂપે નહોતો પરિણમ્યો એ સ્વભાવની સન્મુખ થઈને પરિણમી જાય છે. **તે પરિણમન**, અહીંયા સુધી આપણે આવ્યા હતા.

**તે પરિણમન**, આગમભાષા અને અધ્યાત્મભાષા બે ભાષાથી વાત કરે છે. **આગમભાષાથી** એને **'ઔપશમિક'**, **'ક્ષાયોપશમિક'** અને **'ક્ષાયિક'**, કર્મના સંબંધથી, કર્મનો ઉપશમ થાય ત્યારે ઔપશમિક કહેવાય, કર્મનો ક્ષયોપશમ હોય ત્યારે ક્ષાયોપશમિક કહેવાય અને કર્મનો ક્ષય હોય ત્યારે એ ભાવને ક્ષાયિક કહેવાય. એમ આગમ છે એ કર્મ સાપેક્ષ વાત કરે છે. કર્મથી સમજાવે છે. આત્માના પરિણામને સમજાવવા માટે કર્મનો સહારો લઈને સમજાવે છે. એટલે જીવ સમજી જાય. નહિતર જીવ સમજતો નથી. એટલે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ આગમભાષાથી **એવા ભાવત્રય ત્રણ પ્રકારના ભાવો કહેવાય છે**. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક. એ આગમભાષા.

આગમભાષા કર્મના સંબંધથી જીવના પરિણામનું જ્ઞાન કરાવે છે. જીવના પરિણામ થાય તો જીવના આશ્રયે. કર્મના આશ્રયે કે કર્મનો અભાવ થાય છે માટે થાય છે એમ નહીં. પણ આત્માનું અવલંબન કરે ત્યારે પ્રતિબંધ કારણનો અભાવ હોય, હોય ને હોય જ. તો કર્મના સંબંધથી થાય છે એમ કહેવામાં આવે છે. એ આગમભાષા છે. **અને અધ્યાત્મભાષા** એમાં કર્મથી તદ્દન નિરપેક્ષ. એ ૬૨ ગાથામાં આવે છે ને? કે નિમિત્તથી નિરપેક્ષ જીવના પરિણામ થાય છે. એ વાત હવે કરે છે. ઓલું કર્મની સાપેક્ષતાથી વાત કરી. હવે **અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ'**, જો ચોથા ગુણસ્થાને ભવ્યત્વભાવનો પાક થાય છે અને અધ્યાત્મભાષાથી, અધ્યાત્મ એટલે આત્માની અધિ નામ સન્મુખ થઈને જે પરિણામ થાય તેને અધ્યાત્મભાષાથી પરિણામ કહેવામાં આવે છે.

એ અધ્યાત્મભાષામાં એકલો આત્માની સન્મુખ, કર્મની સાથે સંબંધ કાઢી નાખ્યો. એકલો આત્મા અને આત્માને આશ્રયે થયેલા પરિણામ, બસ. એને અધ્યાત્મ કહેવામાં આવે છે. અધિ અને આત્મા. આત્માની સન્મુખના પરિણામ. **અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ'**. એક. તથા **'શુદ્ધોપયોગ'**. જુઓ! શુદ્ધોપયોગ લીધો ચોથા ગુણસ્થાને. **'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે**. એટલે પર્યાયોના નામ. પર્યાયોના નામ જુદા જુદા શુદ્ધાત્માભિમુખ પરિણામ કહો, શુદ્ધોપયોગ કહો, સંવર કહો એ જુદા જુદા નામ છે. એમ. **ઇત્યાદિ**, વગેરે વગેરે પર્યાય નામને **પામે છે**, એમ.

ધર્મની શરૂઆત શુદ્ધાત્માની સન્મુખ થતાં થાય છે. શુદ્ધાત્માનો અનુભવ થતાં ધર્મની શરૂઆત થાય. કોઈ પણ નિમિત્તનું અવલંબન લ્યો, પંચપરમેષ્ઠીનું અવલંબન લ્યો કે શાસ્ત્રનું અવલંબન લ્યો કે ગુરુનું અવલંબન લ્યો, પરના લક્ષે કે પર્યાયના લક્ષે ધર્મની શરૂઆત થતી નથી. કેવળ માત્ર નિજ પરમાત્મ દ્રવ્ય જ્ઞાયકભાવ ચિદાનંદ આત્મા અભેદ સામાન્ય એની સન્મુખ જ્યારે પરિણતિ થાય છે ત્યારે એ પરિણામમાં શુદ્ધોપયોગ પ્રગટ થાય છે. અશુદ્ધોપયોગનો વ્યય અને શુદ્ધોપયોગનો ઉત્પાદ થાય છે. એનું નામ સંવર કહો, આત્માભિમુખ પરિણામ કહો, શુદ્ધોપયોગ કહો, જે કહો તે. એને સામાયિક કહો, પ્રતિક્રમણ કહો, પ્રત્યાખ્યાન કહો, સંવર કહો, યોગ કહો જે પરિણામનું નામ લેવું હોય

તે લ્યો. એમ. **ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે**. આ મોક્ષમાર્ગ અહીંથી શરૂ થાય છે આત્માને આશ્રયે.

એ મોક્ષમાર્ગ જે શરૂ થયો નિશ્ચય મોક્ષમાર્ગ, તે પર્યાય એટલે તે પરિણામ જે આત્માને આશ્રયે પ્રગટ થયા તે, ધર્મના પરિણામ. **તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી**, એટલે પોતાના નિજશુદ્ધાત્માના આશ્રયે પ્રગટ થયા પરિણામ. શુદ્ધાત્માના આશ્રયે પરિણામ પ્રગટ થયા. છતાં **કથંચિતભિન્ન છે**. દ્રવ્ય ને પર્યાય સર્વથા એક બનતા નથી. આહાહા! શુદ્ધાત્માને આશ્રયે પ્રગટ થાય અને છતાં એ આત્મદ્રવ્યથી કથંચિતભિન્ન, સૂર્યને આશ્રયે સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય પણ એ પ્રકાશ સૂર્યથી કથંચિતભિન્ન. સર્વથા ભિન્ન પણ નહીં અને સર્વથા અભિન્ન પણ નહીં. કથંચિતભિન્ન. હવે અહીંયા કથંચિતભિન્નથી શરૂઆત કરી. કથંચિતઅભિન્નથી શરૂઆત ન કરી.

મુમુક્ષુ:- કેમ?

ઉત્તર:- કેમકે દ્રષ્ટિના વિષયની મુખ્યતા લેવી છે. જ્ઞાનપ્રધાન નથી વાત કરવી.

મુમુક્ષુ:- દ્રષ્ટિપ્રધાન વાત કરવી છે.

ઉત્તર:- દ્રષ્ટિપ્રધાન વાત કરવી એટલે ભિન્નથી વાત કરી. જો જ્ઞાનપ્રધાન કરવી હોત તો કથંચિતઅભિન્નથી વાત કરત.

મુમુક્ષુ:- તેમાં અભિન્નથી લીધું.

ઉત્તર:- હં.. તેમાં અભિન્નથી લીધું. ફેર છે શબ્દમાં. કથંચિતભિન્નથી કેમ વાત ઉપાડી? કે દ્રષ્ટિનો વિષય સુરક્ષિત રાખવો છે. આ ગાથા આખી ધ્યેયની છે. આ ગાથા છે ને આખા ધ્યેયની ગાથા છે. હવે ધ્યેયનું જે ધ્યાન થયું તે ધ્યાન, ધર્મ ધ્યાન એ કથંચિતઅભિન્ન શબ્દ ન વાપરતાં એ ધર્મ ધ્યાન પણ, સંવર, નિર્જરા પણ આત્માથી કથંચિતભિન્ન છે. આહાહા!

મુમુક્ષુ:- દેવસેનાચાર્યએ કથંચિતઅભિન્ન કહ્યું.

ઉત્તર:- હા. અભિન્ન. અહીંયા કથંચિતભિન્ન કહ્યું.

મુમુક્ષુ:- કેમકે દ્રષ્ટિનો વિષય કહેવો છે.

ઉત્તર:- એટલે કહેવો છે એટલે પર્યાય એના આશ્રયે થાય છે છતાં પર્યાય ભિન્ન જ રહે છે, એમ. એટલું કહેવું છે. હવે જ્યારે દ્રષ્ટિનો વિષય આપે છે ત્યારે સર્વથા ભિન્ન છે. અને દ્રષ્ટિ પ્રગટ થાય તો એ દ્રષ્ટિ કથંચિતભિન્ન છે. ઉપર તો આવી ગયું. ઉપર શું આવ્યું? અને હવે શું આવ્યું, બેમાં ફેર શું પડ્યો? શુદ્ધાત્મા જે છે એ બંધ-મોક્ષના પરિણામથી અને બંધ-મોક્ષના કારણથી ભિન્ન છે. રહિત છે, અભાવ છે. સમજી ગયા? એમાં કથંચિત્ શબ્દ નહોતો વાપર્યો. કેમકે એમાં દ્રષ્ટિનો વિષય આપવો હતો.

હવે દ્રષ્ટિનો વિષય જ્યારે દ્રષ્ટિને મળે છે અને દ્રષ્ટિ નિર્મળ પ્રગટ થાય છે, તે નિર્મળ પરિણામ કથંચિતભિન્ન છે. પરિણામી થયો માટે પરિણામ કથંચિતભિન્ન, પરિણામી થવા માટે સર્વથા ભિન્ન. બે વાત સમજવા જેવી છે. પહેલા શું કહ્યું? કે અભાવ છે, રહિત છે, શૂન્ય છે. એ તો કહી દીધું. એટલે દ્રવ્ય દ્રષ્ટિનો વિષય આપ્યો. હવે દ્રષ્ટિનો વિષય આપ્યો પણ દ્રષ્ટિ પ્રગટ થાય ત્યારે તે દ્રષ્ટિ જે પ્રગટ થઈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રગટ થયા. તે કથંચિતઅભિન્ન ન કહેતાં કથંચિતભિન્ન કહ્યા. પરિણામી દ્રવ્ય થયા પછી પરિણામ કથંચિતભિન્ન હોય. જો પરિણામ પ્રગટ જ ન થાય તો તો ત્યાં સુધી તો પરિણામ સર્વથા ભિન્ન છે. એ સર્વથા ભિન્ન થયા, સર્વથા ભિન્ન જયાં દ્રષ્ટિમાં આવ્યા શ્રદ્ધા,

જ્ઞાનમાં ત્યાં અનુભવ થઈ જાય છે. એ અનુભૂતિ કથંચિતભિન્ન છે.

મુમુક્ષુ:- પરિણામી થવા માટે શું અને પરિણામી થાય ત્યારે શું?

ઉત્તર:- થાય ત્યારે શું. બે વિભાગ જુદા છે આખા. એ આ મેઇન ચીજ છે. કોઈક અહીંયા પ્રશ્ન કરે, મને પણ પ્રશ્ન થયો એટલે મેં આ ખુલાસો કર્યો. કોઈ એમ પ્રશ્ન કરે કે સર્વથા ભિન્ન સર્વથા ભિન્ન સર્વથા ભિન્ન તમે કહો છો અહીં તો કથંચિતભિન્ન કહ્યું. સમજાય છે? તમે તો એમ કહો છો કે આત્માથી પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશભેદ છે અને કર્તા-ભોક્તા નથી. તો અહીંયા તો સર્વથા ભિન્ન શબ્દ ન વાપર્યો. કથંચિતભિન્ન વાપર્યો. કે દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે સર્વથા ભિન્ન, દ્રષ્ટિ પ્રગટ થયા પછી કથંચિતભિન્ન છે, લે. ખ્યાલ આવ્યો બે વાતનો?

મુમુક્ષુ:- દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે સર્વથા ભિન્ન અને દ્રષ્ટિ પ્રાપ્ત થઈ તો કથંચિતભિન્ન.

ઉત્તર:- હં.... ત્યાં સર્વથા ભિન્ન ન કહેવાય. કેમકે પરિણામી થયો દ્રવ્ય. અપરિણામી છે એ તો પર્યાયથી સર્વથા ભિન્ન છે. પણ અપરિણામીની દ્રષ્ટિ થઈને પરિણમ્યો અને પરિણમ્યો, આપણે આવ્યું ને ઉપર? આ પરિણમ્યો આવ્યું ઉપર આવ્યું ને. **નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન**-આચરણરૂપે **પરિણમે છે**, પરિણમે છે જ્યારે ત્યારે તે પરિણામ, આહાહા! તે પરિણામ સર્વથા ભિન્ન ન હોય. તે પરિણામ કથંચિતભિન્ન હોય.

મુમુક્ષુ:- દેવસેનાચાર્યએ પણ સર્વથાથી શરૂઆત કરી.

ઉત્તર:- સર્વથા ભિન્નથી શરૂઆત કરી. અનુભવ થયો. તે અનુભૂતિ છે જે અનુભૂતિ પ્રગટ થઈ તે સર્વથા ભિન્ન નથી કહી. એ કથંચિતભિન્ન કહ્યું. દ્રષ્ટિનો વિષય છે એ તો દ્રષ્ટિથી સર્વથા ભિન્ન છે. પણ દ્રષ્ટિનો વિષય દ્રષ્ટિમાં આવીને જે આત્મા પરિણમ્યો જ્યારે, ત્યારે સમ્યગ્દર્શન કથંચિતભિન્ન છે.

મુમુક્ષુ:- બરાબર છે. કથંચિતભિન્ન ન લગાવતા આનંદ શામાં આવશે?

ઉત્તર:- આનંદ ક્યાંથી આવે? કથંચિતભિન્ન છે. સર્વથા ભિન્ન નથી. સર્વથા ભિન્નથી તો મોક્ષમાર્ગની સિદ્ધિ નહીં થાય. ઉપર તો કહ્યું કે સર્વથા ભિન્ન છે. અભાવ છે, રહિત છે, શૂન્ય છે, બંધ-મોક્ષનું કારણ નથી. એ તો બધું આવી ગયું. હવે એવા આત્માનો અનુભવ જ્યારે થાય છે ત્યારે અનુભૂતિ જે આત્માની થઈ, એ જે જ્ઞાન પ્રગટ થયું આત્માનું એ જ્ઞાન આત્માથી કથંચિતભિન્ન છે. પ્રગટ થયેલું જ્ઞાન, અભેદ થયેલું જ્ઞાન. એ જ્ઞાન તો અનન્ય અભેદ થાય છે. તો એ જ્ઞાન સર્વથા ભિન્ન છે? કે ના, એ કથંચિતભિન્ન છે. કથંચિતભિન્ન છે એનું કારણ આ છે. આહા!

આ જૈનદર્શન! એમ મેં વાંચતા મને એ પ્રશ્ન ઉઠયો કે સર્વથા ભિન્ન કેમ ન કહ્યું? કથંચિતભિન્ન કેમ કહ્યું? કેમકે પરિણામી થઈ ગયો. મોક્ષમાર્ગ પ્રગટ થઈ ચૂક્યો. મોક્ષમાર્ગ જે પ્રગટ થયો આત્માને આશ્રયે એને જો એ પરિણામને સર્વથા ભિન્ન કહો તો મોક્ષમાર્ગની સિદ્ધિ ન થાય. કેમકે આત્માના આશ્રય વિના મોક્ષ થતો નથી. એ તો આત્માશ્રિત પરિણામ છે. તો જેના આશ્રયે પરિણામ થાય એનાથી સર્વથા ભિન્ન કહો તો એ પરિણામની સિદ્ધિ નહીં થાય. ખ્યાલ આવ્યો કાંઈ?

કેમકે પરિણામ તો દ્રવ્યઆશ્રિત છે અને એ દ્રવ્યથી પરિણામને સર્વથા ભિન્ન કહો તો મોક્ષમાર્ગની સિદ્ધિ નહીં થાય. માટે કથંચિતભિન્ન છે.

મુમુક્ષુ:- એ સર્વથા ભિન્ન હોય તો મોક્ષમાર્ગ પ્રગટ કરવાની જરૂરત જ ક્યાં છે.

ઉત્તર:- ક્યાં છે. બસ. ખલાસ થઈ ગયું.

મુમુક્ષુ:- કથંચિતભિન્નમાં જ્ઞાનનો વિષય પણ કાયમ રહે છે અને દ્રષ્ટિનો વિષય પણ કાયમ રહે છે.

ઉત્તર:- કાયમ રહે છે. દ્રષ્ટિ પૂર્વક જ્ઞાન પ્રગટ થયું એટલે કથંચિત્ શબ્દ આવી ગયો, સ્યાદ્વાદ શરૂ થયો હવે. અપરિણામીમાં સ્યાદ્વાદ ન હોય, પરિણામીમાં સ્યાદ્વાદ હોય. પરિણમી ગયો આ તો. આ તો પરિણમી ગયો, નહીં પરિણમ્યો?

પોતાના નિજ આત્મદ્રવ્યના સમ્યક શ્રદ્ધાન, જ્ઞાન ને આચરણરૂપે પર્યાય પરિણમે છે આત્મા. એ જે પરિણમે છે એ પરિણામ કથંચિતભિન્ન છે. આહા! અપરિણામી લ્યો તો સર્વથા ભિન્ન, પરિણામી લ્યો તો? કથંચિતભિન્ન. અપરિણામીની દ્રષ્ટિ કરો તો સર્વથા ભિન્ન અને પરિણામી થયો તો એ પરિણામ આત્માથી કથંચિતભિન્ન છે, સર્વથા ભિન્ન નથી. આહાહા!

મુમુક્ષુ:- એ સર્વથા અભિન્ન પણ નથી.

ઉત્તર:- સર્વથા અભિન્ન નથી. આહાહા! એ કહેશે એકાંતે અભિન્ન હોય તો શું દોષ લાગે? એ હવે કહેશે. પહેલા તો કથંચિતભિન્ન કેમ કહ્યું? સર્વથા ભિન્ન કેમ ન કહ્યું? આપણે પ્રશ્ન ઉઠાવવો. આપણે ઉઠાવવો પ્રશ્ન. કે પ્રભુ! આપે તો કહ્યું સર્વથા ભિન્ન છે અને કર્તા-ભોક્તા નથી. તો આપ સર્વથા ભિન્નનો પ્રશ્ન કેમ અહીં નથી કહેતા? કથંચિતભિન્ન શબ્દ કેમ વાપર્યો? એમ. કે જે આત્માશ્રિત પરિણામ હોય એ કથંચિતભિન્ન હોય. જે પરાશ્રિત પરિણામ હોય એ સર્વથા ભિન્ન હોય. તારે સર્વથા ભિન્ન જોઈએ છીએ? કે હા. વ્યવહારરત્નત્રયના પરિણામ સર્વથા ભિન્ન, લે. અને આત્માશ્રિત પરિણામ કથંચિતભિન્ન, લે.

વ્યવહારરત્નત્રયના પરિણામ જે જડ છે, રાગ છે, એ પરાશ્રિત છે એટલે સર્વથા ભિન્ન છે. પણ સ્વઆશ્રિત પરિણામ સર્વથા ભિન્ન ન હોય. સર્વથા ભિન્ન જોઈએ છીએ? કે હા, રાગ સર્વથા ભિન્ન છે, લે. એ અમે કહેશું આમાં. હમણાં બધું કહેશું. એ શુદ્ધ ઉપાદાન રાગથી રહિત છે. કહેશું અમે. એ પણ કહેશું તમને. આહા! આ તો કોઈ ભાઈ! શાસ્ત્ર છે? આ તો કોઈ શાસ્ત્ર છે?

સર્વથા ભિન્ન વ્યવહારરત્નત્રયના પરિણામ સર્વથા ભિન્ન છે, કેમકે જાત જુદી છે. આત્માશ્રિત નથી પુદગલઆશ્રિત છે. પણ આ પરિણામ તો આત્માશ્રિત છે. એટલે શ્રદ્ધા અપેક્ષાએ સર્વથા ભિન્ન અને સ્યાદ્વાદમાં કથંચિત્ લાગુ પડ્યો માટે કથંચિતભિન્ન, સર્વથા ભિન્ન નહીં. આહાહા! પરિણામી પરિણામથી સર્વથા ભિન્ન ન હોય. અપરિણામી પરિણામથી સર્વથા ભિન્ન હોય. અપરિણામી પરિણામથી સર્વથા ભિન્ન અને પરિણામી પરિણામથી કથંચિતભિન્ન ને કથંચિતઅભિન્ન, એમ. આહા!

મુમુક્ષુ:- પરિણામી પણ પરિણામથી સર્વથા અભિન્ન નથી.

ઉત્તર:- નથી.

મુમુક્ષુ:- પરિણામી પણ પરિણામથી કથંચિતભિન્ન ને કથંચિતઅભિન્ન.

ઉત્તર:- કથંચિતભિન્ન ને કથંચિતઅભિન્ન. અને અપરિણામી સર્વથા ભિન્ન. સર્વથા ભિન્ન પૂર્વક કથંચિતભિન્ન-અભિન્નનું જ્ઞાન થઈ જાય છે. લે. હા, આ રહસ્ય છે. આપણે વાત થઈ છે આ વાત. કે રહિતપૂર્વક જ સહિતનું જ્ઞાન સ્યાદ્વાદ લાગુ પડે એમાં.

મુમુક્ષુ:- સર્વથા રહિતના શ્રદ્ધાનપૂર્વક કથંચિતભિન્ન-અભિન્નનું જ્ઞાન થાય છે.

ઉત્તર:- થાય છે. ડેફિનેટલી. એ બતાવે છે. કેમકે શુદ્ધાત્માનો આશ્રય કરીને એ પરિણામ થયા છે. પરાશ્રિત પરિણામ તો સર્વથા ભિન્ન છે. સ્વઆશ્રિત પરિણામ કથંચિતભિન્ન-અભિન્ન છે.

મુમુક્ષુ:- તેમાં દ્રષ્ટિ અને જ્ઞાન બેય (આવી જાય છે).

ઉત્તર:- બેય આવે છે. ધર્મના પરિણામ કથંચિતભિન્ન-અભિન્ન છે. ધર્મી થયો તો ધર્મના પરિણામ કથંચિતભિન્ન-અભિન્ન છે. આહાહા! અને શુદ્ધાત્મા અપરિણામી જે છે નિષ્ક્રિય એ તો સર્વથા પરિણામથી ભિન્ન છે.

મુમુક્ષુ:- એટલે સર્વથા ભિન્ન બતાવીને દ્રષ્ટિનો વિષય બતાવવો છે?

ઉત્તર:- એ પહેલા આપી દીધો એ. દ્રષ્ટિનો વિષય આપ્યો. કે પરિણામ મોક્ષના પરિણામ પણ નથી અને બંધના પરિણામ પણ નથી. આત્માથી શૂન્ય છે, અભાવ છે, રહિત છે. સમજ્યા? હવે એવું જે આત્મદ્રવ્ય પરમપારિણામિકભાવલક્ષણ આત્મદ્રવ્ય એનો જ્યારે અનુભવ કરે છે અધ્યાત્મભાષાએ અને આગમભાષાએ ત્યારે આત્મા મોક્ષમાર્ગરૂપે પરિણમે છે. એ મોક્ષમાર્ગના પરિણામ પરિણામી આત્માથી, સાધક આત્માથી, સાધક આત્માથી જે પરિણામ પ્રગટ થયા છે એ પરિણામ કથંચિતભિન્ન છે સાધકથી. આહા! હવે સાધકથી સર્વથા ભિન્ન કહો તો સાધક સિદ્ધ નહીં થાય. ધ્યાન ગયું? આ બીજી રીતે. ધ્યેયથી સર્વથા ભિન્ન પણ સાધકથી કથંચિતભિન્ન.

મુમુક્ષુ:- પરિણામી તે સાધક છે ને?

ઉત્તર:- પરિણામી તે સાધક છે.

મુમુક્ષુ:- કથંચિતભિન્ન કહો તો સાધકની સિદ્ધિ થાય છે.

ઉત્તર:- સિદ્ધિ થાય છે.

મુમુક્ષુ:- સર્વથાથી સિદ્ધિ ન થાય.

ઉત્તર:- હં....

મુમુક્ષુ:- એટલે એમાં સર્વથા નથી લાગતું.

ઉત્તર:- એમાં સર્વથા ન લાગે. જ્ઞાનપ્રધાનમાં જો તમે સર્વથા રહિત કહો તો સાધક સિદ્ધ ન થાય. આ બહેને કહ્યું હતું કે સીધો આપણે સ્વાધ્યાય કરવો છે. હોંશિયાર છે. **તે પર્યાય**, એમ. તે પર્યાય એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ, જે રૂપે પરિણમે છે અત્યારે પોતે સાધક. તે સાધક પોતે કહે છે કે આ જે મારા આશ્રયે પરિણામ પ્રગટ થયા એ પરિણામ મારાથી આત્મદ્રવ્યથી છે ને?

**શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી** એટલે પોતાથી **કથંચિતભિન્ન છે. શા માટે** ભિન્ન છે? ભિન્ન શા માટે કહો છો? અભિન્ન કેમ કહેતા નથી? ભલે કથંચિત્ લગાડો પણ અભિન્ન કહો ને? કે ના. કથંચિતભિન્ન **શા માટે? ભાવનારૂપ હોવાથી**, એ પર્યાય છે, નાશવાન છે. માટે કથંચિતભિન્ન છે. જુઓ! **ભાવનારૂપ હોવાથી** એટલે કે નાશવાન છે. ભાવનારૂપ છે. ધ્યાનરૂપ છે ને? ધર્મધ્યાનના પરિણામ છે. હવે કહે આગળ, **શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી.** એ દ્રવ્ય છે એ ભાવરૂપ છે અને ભાવનારૂપ નથી. ભાવનો અભાવ ન થાય. ભાવનાનો અભાવ થાય. થાય ભાવના-ભાવને આશ્રયે ભાવના થાય. ભાવને આશ્રયે ભાવના થાય. તોપણ જે ભાવના પ્રગટ થાય એ કથંચિતભિન્ન છે. કેમકે ભાવનારૂપ નાશવાન છે. અને ભાવ તો અવિનાશી છે. એમ.

મુમુક્ષુ:- ભાવના પર્યાયરૂપ છે ભાવ તો (દ્રવ્યરૂપ છે).

ઉત્તર:- દ્રવ્યરૂપ છે. હં.. તો **ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય)**, હવે આગળ જુઓ! જો તે પર્યાય, તે ને તે પર્યાય, હોં! જેને કથંચિતભિન્ન કહ્યું તે. **(તે પર્યાય) એકાંતે** એટલે સર્વથા. જોઈ લ્યો! એકાંતે એટલે સર્વથા. **શુદ્ધ-પરિણામિકભાવથી અભિન્ન હોય, તો**? કથંચિતઅભિન્ન કહો તો અમને વાંધો નથી. પણ સર્વથા અભિન્ન હોય તો? આહાહા! બહુ ભાઈ! આ માલ એટલો ભર્યો છે. માલ ઘણો ભર્યો છે કે આપણી તો શક્તિ નથી એટલી કાઢવાની. પણ માલ ઘણો ભર્યો દેખાય છે. આહા!

**જો એકાંતે**, એકાંતે એટલે સર્વથા. **શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો**, એટલે કથંચિતભિન્ન અમે કહ્યું, અને કથંચિતઅભિન્ન તો બરાબર છે, કથંચિતભિન્નની સામે અભિન્ન બરાબર. પણ સર્વથા અભિન્ન જો માનો તો સંવર, નિર્જરાના પરિણામને **તો મોક્ષનો પ્રસંગ બનતા આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે.** જો એકાંતે સર્વથા અભિન્ન માનવામાં આવે તો, કથંચિતઅભિન્ન માનો તો કાંઈ વાંધો નથી પણ એ સર્વથા અભિન્ન નથી. એમ.

મુમુક્ષુ:- અહીંયા તો (કથંચિત્) ભિન્ન છે એ વાત ઉપર જોર આપવું છે.

ઉત્તર:- હા, જોર આપવું છે.

મુમુક્ષુ:- સર્વથા ભિન્નની વાત તો પહેલા કહી દીધી.

ઉત્તર:- કહી દીધી.

મુમુક્ષુ:- અત્યારે સ્યાદ્વાદમાં પણ નિશ્ચયની વાત કહે છે, વ્યવહારના પક્ષની વાત નથી.

ઉત્તર:- નથી કહેતા. એકાંતે અભિન્ન કહેવાય નહીં. ભિન્નની વાત રાખવી છે. કથંચિતભિન્ન, પહેલામાં પણ કથંચિતભિન્ન અને આમાં એકાંતે અભિન્ન નહીં પણ ભિન્ન, કથંચિતભિન્ન, એમ. **એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય**, તો દ્રવ્ય અને પર્યાય એકાંતે સર્વથા એકમેક થઈ ગયા હોય તો? **તો મોક્ષનો પ્રસંગ બનતા આ ભાવનારૂપ** મોક્ષમાર્ગ, **મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે**, માટે મોક્ષમાર્ગની પર્યાય એકાંતે સર્વથા આત્માથી અભિન્ન છે નહીં, તાદાત્મ્ય છે નહીં. જો હોય તો મોક્ષ થતાં આત્માનો નાશ થઈ જાય. **પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે)**. આહાહા!

કથંચિતભિન્નની સામે એમકે સર્વથા અભિન્ન હોય તો દોષ આવી જાય. કથંચિતભિન્ન બરાબર અને કથંચિતઅભિન્ન બરાબર. કથંચિતભિન્ન અને કથંચિતઅભિન્ન બરાબર. **શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય.** એ શુદ્ધાત્મદ્રવ્યની આગળ વિશેષણ મૂક્યું. પાકું કરવા માટે. શુદ્ધાત્મા કેવો છે? કે શુદ્ધ પારિણામીક લક્ષણવાળો શુદ્ધાત્મદ્રવ્ય એનાથી, દ્રવ્યથી પર્યાય કથંચિતભિન્ન છે. દ્રવ્યથી પર્યાય, પર્યાય એટલે શુદ્ધ પર્યાય, દ્રવ્ય આશ્રયે પ્રગટ થઈ તે, તે પણ ભિન્ન કથંચિત્, એમ.

મુમુક્ષુ:- ઓલી તો સર્વથા જ ભિન્ન છે.

ઉત્તર:- હં.... ઓલી તો અહીંયા વાત જ નથી કરતા. વ્યવહારરત્નત્રયના પરિણામ જે શુભરાગ એની તો અમે વાત કરતાં નથી કેમકે એ જાત જુદી છે. આત્માની જાતથી જુદી જાત છે. આ તો પાણી

અને પાણીની નિર્મળ પર્યાય, મલિન પર્યાય તો સર્વથા ભિન્ન છે. એ તો પાણીની જાત જ નથી, એ તો માટીની જાત છે. પણ પાણીને આશ્રયે નિર્મળ પર્યાય પાણીની પ્રગટ થઈ ઈ પર્યાય પાણીના દ્રવ્યથી કથંચિતભિન્ન છે. એ એકમેક નથી સાવ. કેમકે પર્યાય ઉત્પાદવ્યયરૂપ થાય છે ને ઓલું તો ધ્રુવ છે.

એમ આત્મા ધ્રુવ છે અને એના આશ્રયે જે પ્રગટ થયા મોક્ષમાર્ગના પર્યાય એ તો ઉત્પાદવ્યય છે. ઉત્પાદવ્યય, ઉત્પાદવ્યય, ઉત્પાદવ્યય થયા જ કરે છે અને ધ્રુવ તો રહ્યા કરે છે. તો એ જે પર્યાય પ્રગટ થાય છે આત્માશ્રિત એ પણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ (ભિન્ન છે). સંવર, નિર્જરાના પરિણામ, ધર્મના પરિણામ કથંચિતભિન્ન છે. હવે એમ કહે છે કે એ **શા માટે?** કે એ ભાવના છે, પર્યાય છે અને દ્રવ્ય તો ભાવરૂપ છે. દ્રવ્ય તો અનાદિઅનંત નિત્ય છે અને પર્યાય ક્ષણવર્તી છે, અનિત્ય છે. ક્ષણવર્તી હોવાને કારણે તે કથંચિતભિન્ન છે. એમ કારણ આપ્યું. સમયવર્તી છે. દ્રવ્ય ત્રિકાળવર્તી છે અને પર્યાય સમયવર્તી છે, ઉત્પાદવ્યયરૂપ છે માટે કથંચિતભિન્ન છે. **ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી.**

**જો (તે પર્યાય)**, હવે, **જો (તે પર્યાય)** જેને કથંચિતભિન્ન કહી તેને, એમ. સંધિ કરે છે. જો તે પર્યાય, તે ને તે પર્યાય, પર્યાય એક જ. પર્યાય બદલાવવી નહીં. વિવિક્ષા ફેરવે છે હવે, વિવિક્ષા ફેરે ફેર છે. **(તે પર્યાય) એકાંતે** એટલે સર્વથા **શુદ્ધ-પારિણામિક**ભાવ**થી અભિન્ન હોય** તો જે કથંચિતભિન્ન કહ્યું એને કથંચિતઅભિન્ન તો બરાબર પણ જો સર્વથા અભિન્ન માનવામાં આવે **તો મોક્ષનો પ્રસંગ બનતા** મોક્ષનું જે કારણ ભાવનારૂપ મોક્ષમાર્ગ, **મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતાં**, કેમકે દ્રવ્યથી પર્યાય અભિન્ન તમે માનો અને મોક્ષ થઈ જાય તો મોક્ષ થતાં મોક્ષમાર્ગનો અભાવ થાય. તો મોક્ષમાર્ગને તો તમે દ્રવ્યથી અભિન્ન કરી તો દ્રવ્યનો પણ નાશ થઈ જાશે. કેમકે મોક્ષમાર્ગનો તો નાશ થાય, થાય ને થાય. મોક્ષ થાય ત્યારે મોક્ષમાર્ગનો અભાવ થાય થાય ને થાય. સંવર, નિર્જરાનો અભાવ થાય મોક્ષ થાય ત્યારે.

હવે સંવર, નિર્જરાને જો આત્માથી સર્વથા અભિન્ન માનો તો સંવર, નિર્જરાનો અભાવ થતાં આત્માનો પણ નાશ થાય, માટે એકાંતે અભિન્ન ન માનવા, એમ. કથંચિતભિન્ન અને કથંચિતઅભિન્ન રાખજો.

મુમુક્ષુ:- એ પરિણામીમાં?

ઉત્તર:- પરિણામી હોય એમાં ને. અપરિણામીમાં તો પરિણામ છે જ નહીં પણ પરિણામીમાં પરિણામ છે એ પણ ભિન્ન અભિન્ન છે કથંચિત્. સર્વથા ભિન્ન નહીં ને સર્વથા અભિન્ન નહીં. આ જૈનદર્શનનો સ્યાદ્વાદ. દ્રષ્ટિપૂર્વક જ્ઞાન પ્રગટ થાય છે. આપણે વાત થઈ છે, ઘણીવાર. આમાં બહુ ખુલાસો છે.

**વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે છે. પણ એમ તો બનતું નથી.** પર્યાયનો નાશ થાય છતાં દ્રવ્યનો નાશ થતો નથી. મોક્ષનો ઉત્પાદ, મોક્ષમાર્ગનો વ્યય અને દ્રવ્યની હયાતી.

મુમુક્ષુ:- દ્રષ્ટિ સાથે સુસંગત આ.

ઉત્તર:- દ્રષ્ટિ સાથે જે જ્ઞાન પ્રગટ થયું છે એ જ્ઞાન એમ જાણે છે કે મોક્ષમાર્ગની પર્યાય આત્માની સાથે કથંચિતભિન્ન અભિન્ન છે. કથંચિતભિન્ન છે, સર્વથા ભિન્ન નહીં. નહિતર સર્વથા ભિન્ન તો

કહી ગયા છે. તો અહીંયા કહેવામાં શું વાંધો આવે? ખ્યાલ રાખવો, કે દ્રષ્ટિ અપેક્ષાએ દ્રવ્યને એના વિશેષથી ભિન્ન કહ્યું, સર્વથા ભિન્ન કહ્યું તેથી કર્તા-ભોક્તા નથી. એનો જાણનાર છે. હવે એમ જે તમે કહ્યું એને આચાર્યભગવાન કહે છે કે એ પરિણામ આત્માથી કથંચિતભિન્ન છે. સર્વથા ભિન્ન નથી. સર્વથા ભિન્ન છે દ્રષ્ટિ અપેક્ષાએ. જ્ઞાન અપેક્ષાએ કથંચિતભિન્ન કથંચિતઅભિન્ન. આ જે સમજે ને એ પામે, આ સમજે એ પામે. દ્રષ્ટિનો દોષ આવે નહીં અને જ્ઞાનનો દ્રોહ થાય નહીં.

મુમુક્ષુ:- ધ્યેયપૂર્વક અભેદ જ્ઞેય.

ઉત્તર:- ધ્યેયપૂર્વક, હં.. એ જ્ઞેય થાય છે. એ જ્ઞેયમાં ભિન્ન અભિન્ન છે. ધ્યેય તો ભિન્ન જ છે પર્યાયથી.

મુમુક્ષુ:- જ્ઞેય પણ સર્વથા અભિન્ન નથી.

ઉત્તર:- અભિન્ન નથી. આહાહા!

મુમુક્ષુ:- કથંચિતભિન્ન-અભિન્ન છે.

ઉત્તર:- કથંચિતભિન્ન-અભિન્ન, કથંચિત્ લાગુ પડે છે જ્ઞાનમાં, સ્યાદ્વાદ થઈ ગયું. આહા! હવે આ જે કથંચિતનો જન્મ સર્વથા ભિન્નથી થાય છે. કથંચિતનો જન્મ થાય છે એ દ્રવ્યથી પર્યાય સર્વથા ભિન્ન. અસ્તિ-નાસ્તિ અનેકાંત, જ્ઞાયકભાવમાં પ્રમત-અપ્રમતનો અભાવ છે.

મુમુક્ષુ:- એવા જ્ઞાયકને લક્ષમાં લઈને પરિણમે.

ઉત્તર:- એવા જ્ઞાયકને લક્ષમાં લઈને જે પરિણામી આત્મા થયો તે જ્ઞાન એમ જાણે છે, આહા! શ્રદ્ધા અન્યપણે શ્રદ્ધે છે અને જ્ઞાન કથંચિતભિન્ન-અભિન્નપણે જાણી લ્યે છે. શ્રદ્ધાનો વિષય અને શુદ્ધનયનો વિષય એક જ છે. એ તો જમણો હાથ એણે મિલાવી લીધો છે. પણ જે જ્ઞાન પ્રગટ થાય છે એ જ્ઞાન પ્રમાણજ્ઞાન એવું પ્રગટ થાય છે કે કથંચિતભિન્ન-અભિન્નને જાણી લ્યે. સ્યાદ્વાદ પ્રમાણમાં હોય. નયમાં સ્યાદ્વાદ ન હોય. પ્રમાણજ્ઞાનનો વિષય જે છે, ભિન્ન-અભિન્ન તો પ્રમાણમાં ને પરિણામીદ્રવ્યમાં.

મુમુક્ષુ:- શુદ્ધનયમાં નહીં.

ઉત્તર:- હં.. આ પરિણામીદ્રવ્યની વાત ચાલે છે. પરિણામી પરિણમે છે એ પરિણામ કથંચિતભિન્ન-અભિન્ન છે સાધકના. ધ્યેયમાં તો પરિણામનો અભાવ છે અને જ્ઞેયમાં પરિણામનો સદભાવ છે. એ સદભાવ કથંચિતભિન્ન-અભિન્ન છે જ્ઞેય, એવું જ્ઞેય છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्त** આ. ભાઈ-બેન! બહુ ઉંડપ છે, બહુ ઊંડાણ છે. થોડોક વિચાર માંગે છે. એમાં વિચાર એમ આવ્યો, મીઠાભાઈ! કે આ કથંચિતભિન્ન કહ્યું ને, તો આની શૈલી તો સર્વથા ભિન્નની છે. સર્વથા ભિન્ન કહ્યું પણ ખરૂં.

પરિણામમાત્રથી રહિત, પરિણામમાત્રનો અભાવ આત્મામાં છે. તેથી કર્તા-ભોક્તા નથી. હવે કથંચિત્ જો અભિન્ન કહો તો કર્તા-ભોક્તા લાગુ પડે. તો કે અમને મંજૂર છે. આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામનો કર્તા છે? કે હા, અકર્તાપણું કર્તા થાય છે. એ વાત કરે છે હવે. પરિણામીની વાત છે આ.

મુમુક્ષુ:- એટલે તો શુદ્ધજ્ઞાન પરિણત જીવ થાય છે.

ઉત્તર:- હં.. શુદ્ધજ્ઞાન પરિણત જીવની વાત છે.

મુમુક્ષુઃ- શુદ્ધજ્ઞાન પરિણત લીધું ને?

ઉત્તરઃ- લીધું ને. લીધું ને.

મુમુક્ષુઃ- કથંચિતઅભિન્ન હોય તો તે થાયને, શુદ્ધજ્ઞાન પરિણત?

ઉત્તરઃ- હં.. સર્વથા ભિન્ન હોય તો શુદ્ધજ્ઞાન પરિણત ક્યાંથી થાય?

મુમુક્ષુઃ- પણ એ શુદ્ધજ્ઞાન પરિણત છે એ પણ ભિન્ન છે. કથંચિતભિન્ન છે.

ઉત્તરઃ- કથંચિતભિન્ન છે.

મુમુક્ષુઃ- એ પણ પરિણામને ભિન્નપણે જાણે છે.

ઉત્તરઃ- હા, ભિન્ન પણ જાણે છે અને જ્ઞાન અભિન્નપણે પણ જાણે છે. જ્ઞાન કથંચિતઅભિન્નપણે જાણે છે. હા, જ્ઞાન એવું છે કે સર્વથા ભિન્ન ન જાણે. જો કથંચિતઅભિન્ન ન હોય તો આનંદનો અનુભવ ન થાય. આમ હાથ અડે જ નહીં, બિલકુલ અડવા જ ન દયો તમે.

મુમુક્ષુઃ- તો ઠંડક ક્યાંથી થાય?

ઉત્તરઃ- હે પરમાત્મા, આહાહા! ગહન છે પ્રભુ તારું, તારું કહેલું તત્ત્વ ગહન છે. મને બુદ્ધિ આપજે, એને સમજવાની મને બુદ્ધિ આપજે પ્રભુ, આહા! અંદરના પ્રભુ ને, હોં! હે પ્રભુ તું મને બુદ્ધિ આપજે. આહાહા!

મુમુક્ષુઃ- ગહનતાનો પાર નથી, ઉંડપનો પાર નથી. એવું તત્ત્વ જ એવું છે.

ઉત્તરઃ- તત્ત્વ જ એવું છે. ગહન છે. કોઈક વિરલા પામે છે એનું કારણ આ. આંટીઘૂંટી છે. અટમ-પટમ છે થોડુંક, પણ જાણનાર જણાય છે એમાં બધું છૂટી જાય છે.

મુમુક્ષુઃ- આંટીઘૂંટી છૂટી જાય છે.

ઉત્તરઃ- હં.. છૂટી જાય છે. અનુભવ થઈ જાય છે. જાણનાર જણાય છે એક, બીજું કાંઈ જણાતું નથી.

મુમુક્ષુઃ- પુદગલના પરિણામ તો જીવથી સર્વથા ભિન્ન છે જ પણ જીવના પરિણામ જે પ્રગટ થયા એ જીવથી કથંચિતભિન્ન છે.

ઉત્તરઃ- કથંચિતભિન્ન છે. જો અભિન્ન માનો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય. માટે ભિન્ન છે એ બરાબર છે. ભિન્ન છે એ બરાબર છે. સર્વથા અભિન્ન કહો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થઈ જાય. અને સર્વથા ભિન્ન કહો તો આનંદ ન આવે. તો તો દ્રવ્યને અડે જ નહીં, એકાગ્રતા ન થાય.

મુમુક્ષુઃ- સર્વથા અભિન્ન માનો તો પર્યાયના નાશથી દ્રવ્યનો નાશ થાય.

ઉત્તરઃ- હં....

મુમુક્ષુઃ- સર્વથા ભિન્ન માનો તો સાધકની સિદ્ધિ ન થાય.

ઉત્તરઃ- આનંદ નહીં આવે પર્યાયમાં. પર્યાયને દ્રવ્યને અડવા જ દેતા નથી તમે. અહીં જુદી જુદી રાખો, સર્વથા. આ તો આનંદમૂર્તિ છે અને અહીંયા તો દુખ છે. હવે દુખ ટળીને આનંદ ક્યારે થાય? કે આને અડી જાય ત્યારે. અડે પણ ન અડવા બરાબર.

મુમુક્ષુઃ- એમાં અડી જાય.

ઉત્તરઃ- એમાં અડે, એવું અડે. લેશું, ફરીથી લેશું.

મુમુક્ષુઃ- અનન્ય થઈ જાય, અન્ય રહી જાય.

ઉત્તરઃ- હા, અનન્ય થાય પણ અનન્ય એવું થાય કે અન્યને રાખીને. અન્યને રાખીને અનન્ય થાય. અન્યને ઉડાડીને અનન્ય ન થાય. જો અન્યને ઉડાડીને અનન્ય થાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. અન્યને ઉડાડી દયે અને અનન્ય થઈ જાય તો તો દ્રવ્યનો નાશ થઈ જાય. પણ અન્યને રાખીને અનન્યનું જ્ઞાન થાય છે એટલે પર્યાયનો વ્યય થતાં દ્રવ્યનો વ્યય થતો નથી. આ એ માર્મિક વાત છે. અન્યને કાયમ રાખીને અનન્યનું જ્ઞાન થાય છે. અન્યને ખોટું પાડીને નહીં.

મુમુક્ષુઃ- એ તો એનું મૂળ છે.

ઉત્તરઃ- એ તો મૂળ છે.

મુમુક્ષુઃ- એ જ બતાવવું છે, કથંચિતભિન્ન છે. એ જ બતાવવું છે.

ઉત્તરઃ- હં.. સમજવા જેવો છે, સારો છે. સારો વિષય છે. સમજાય એવું છે, ન સમજાય એવું નથી. ભલભલાના પાણી ઉતરી જાય. એવું આ રહસ્ય, ભલભલાના પાણી ઉતરી જાય. હું જાણું છું, પાણી ઉતરી જાય.

મુમુક્ષુઃ- અજ્ઞાનનું પાણી ઉતરી જાય.

ઉત્તરઃ- અજ્ઞાનનું પાણી ઉતરી જાય. હું જાણું છું, રહેવા દે, ભાઈ! હા, રહેવા દે બાપુ. આ અનુભવીનો વિષય છે. એ અનુભવથી પ્રમાણ થાય.

મુમુક્ષુઃ- આચાર્યનાં મૂળ શબ્દો છે, જો સર્વથા અભિન્ન માને તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થઈ જાશે.

ઉત્તરઃ- નાશ થઈ જાશે. માટે કથંચિતભિન્ન ને કથંચિતઅભિન્ન રાખજે. અન્યપૂર્વક અનન્ય છે. એ ખાસ ધ્યાન રાખજે. અન્ય કાયમ રાખીને અનન્ય થાય છે. બીજે સમયે બીજી પર્યાય, ત્રીજે સમયે ત્રીજી પર્યાય અનન્ય. અનન્ય થતી જાય ને વ્યય થતી જાય, અનન્ય થતી જાય ને વ્યય થતી જાય, પણ અન્ય કાયમ રહે.

મુમુક્ષુઃ- અન્ય રહી જાય ને અનન્ય થઈને ચાલી જાય.

ઉત્તરઃ- ચાલી જાય. અન્યનું શ્રદ્ધાન કાયમ છે અને અનન્યનું જ્ઞાન થઈ જાય છે. કેમકે અન્ય છે ને એ શ્રદ્ધાનો વિષય છે અને જ્ઞાન છે એ કથંચિતભિન્ન-અભિન્નનો વિષય છે. અનન્ય થતું જાય એક પર્યાય, બીજી પર્યાય વહી જાય, ત્રીજી પર્યાય અનન્ય થાય, થતું જાય. અનન્ય થતું જાય ને વહી જાય. વૃદ્ધિગત થતું જાય, એમ કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ જાય. શ્રદ્ધામાં અન્ય અને જ્ઞાનમાં અનન્ય.

મુમુક્ષુઃ- કાયમ.

ઉત્તરઃ- કાયમ.

મુમુક્ષુઃ- દ્રવ્ય પર્યાયથી અનન્ય થઈ જાય તો પછી બીજી પર્યાય શેમાં અનન્ય થાશે, બીજી પર્યાય?

ઉત્તરઃ- હં..

મુમુક્ષુઃ- અન્યપણું કાયમ રહે છે.

ઉત્તરઃ- કાયમ રહે છે. દ્રવ્યથી પર્યાય અન્ય કાયમ રહેતી થકી પર્યાય પલટી ને અનન્ય થતી

જાય છે. દ્રવ્ય પર્યાયને અનન્ય થવા દયે છે પણ અન્યપણું રાખીને થવા દયે છે. દ્રવ્ય પર્યાયને, આહા! અનન્ય થવા દયે છે. પણ અન્ય કાયમ રાખીને અનન્ય થવા દયે છે. હા..

મુમુક્ષુ:- અનન્ય થવું એ તો પર્યાય સ્વભાવ છે. પર્યાય દ્રવ્યની સાથે અનન્યપણાનો અનુભવ કરે છે. દ્રવ્ય તો અન્ય જ રહે છે.

ઉત્તર:- અન્ય રહે છે.

મુમુક્ષુ:- એનો સ્વભાવ પણ અન્ય રહેવાનો છે.

ઉત્તર:- સર્વથા ભિન્ન, સર્વથા ભિન્નમાં હતું ને દ્રષ્ટિ અપેક્ષાએ ત્યાં અહીં શ્રુતજ્ઞાનરૂપે આત્મા પરિણમ્યો, શૂદ્ધાત્મદ્રવ્યના શ્રદ્ધા, જ્ઞાનરૂપે. એ પરિણામ પ્રગટ થયા જે શુદ્ધોપયોગના, એ શુદ્ધોપયોગ પ્રગટ થયો છે એ શ્રદ્ધા અપેક્ષાએ રહિત કહ્યું હતું ને? તો કહે છે કે એ સર્વથા રહિત નહીં માનતો, કથંચિતભિન્ન માનજે. એટલા માટે એને જ્ઞાનપ્રધાન કથનથી ભિન્ન આવ્યું. કથંચિત્ શબ્દ લગાડ્યો એ જ્ઞાન આવી ગયું. સમજી ગયા? જ્ઞાન આવી ગયું. દ્રષ્ટિ સાથે જ્ઞાન મળી ગયું.

મુમુક્ષુ:- શ્રદ્ધામાં કથંચિત્ ન હોય.

ઉત્તર:- ન હોય.

મુમુક્ષુ:- કથંચિતભિન્ન કહ્યું તો કથંચિતઅભિન્ન તો આવી ગયું.

ઉત્તર:- આવી ગયું, બસ. હવે કથંચિતઅભિન્ન છે, એમ છે એને બદલે જો એકાંતે અભિન્ન માન તો? એમ. આ વ્યવહારના પક્ષવાળાને લાલબત્તી કરે છે. હા.. વ્યવહારના પક્ષવાળાની વાત ઉડાડવા માટે કહે છે. વ્યવહારના પક્ષવાળો સર્વથા અભિન્ન માનવા માંડયો. કે નહીં સર્વથા અભિન્ન માનીશ તો મરી જાઈશ. વ્યવહારના પક્ષવાળાનું ખંડન કરે છે. કે દ્રવ્ય-પર્યાયની સત્તા એક છે, ભિન્ન છે જ નહીં.

મુમુક્ષુ:- કોઈ એમ કહે કે દ્રષ્ટિ અપેક્ષાએ તો સર્વથા ભિન્ન છે પણ જ્ઞાન અપેક્ષાએ તો સર્વથા અભિન્ન છે કે નહીં?

ઉત્તર:- સર્વથા અભિન્ન છે કે નહીં? કે ના, નથી. એમ, એટલા માટે આ વ્યવહારના પક્ષવાળાનું ખંડન છે આમાં. વ્યવહારના પક્ષવાળો તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામને આત્માથી અભિન્ન જ માને છે. કે અભિન્ન નથી, સર્વથા ભિન્ન નથી સર્વથા અભિન્ન નથી, કથંચિતભિન્ન-અભિન્ન જાણજે.

મુમુક્ષુ:- કથંચિતના બહાના નીચે તે સર્વથા ભિન્ન ન લઈ લ્યે એટલે .. શ્રધાન ..

ઉત્તર:- સર્વથા અભિન્ન ન માની લ્યે એટલા માટે. સર્વથા અભિન્ન માનીશ તો દોષ આવશે. એમ. એને એક સત્તા છે, બે સત્તા નથી હવે, અનુભવ થયા પછી તો એક જ સત્તા હોય ને? કે ના અનુભવ થયા પછી બે સત્તા છે, એમ કહે છે.

મુમુક્ષુ:- એકલા અભેદની પણ સત્તા હોય ને જ્ઞાનનું કથંચિત્ પર્યાયનું જ્ઞાન થઈ જાય એમ.

ઉત્તર:- બહુ છે જરા માર્મિક વાત. કે રાગની પર્યાયને તો તમે કાઢી પણ વીતરાગ પર્યાય થઈ તે તો આત્મા થઈ ગયો ને? એ તો આત્મા જ છે ને? એમાં પ્રશ્ન ક્યાં છે, પર્યાય ક્યાંથી ભિન્ન રહે? એમ. એટલે એ અભિન્નના પક્ષમાં જાતો હતો એને કહે ધ્યાન રાખ સર્વથા અભિન્ન નહીં, કથંચિતઅભિન્ન ને કથંચિતભિન્ન રાખજે.

મુમુક્ષુ:- સર્વથા અભિન્નને નહીં માનતો તું, કથંચિતઅભિન્ન છે. કથંચિતભિન્ન છે.

ઉત્તરઃ- હં.. કથંચિતભિન્ન-અભિન્ન છે. સર્વથા ભિન્ન પણ નહીં ને સર્વથા અભિન્ન પણ નહીં. જ્ઞાનના પડખામાં જો સર્વથાએ ચડી જાઈશ તો મારી જાઈશ. અને દ્રષ્ટિમાં કથંચિત્ લઇશ નહીં. તો મરી જાઈશ.

મુમુક્ષુઃ- તો કથંચિત્ પ્રગટ નહીં થાય.

મુમુક્ષુઃ- દ્રષ્ટિમાં કથંચિત્ નહીં, જ્ઞાનમાં સર્વથા નહીં.

ઉત્તરઃ- સર્વથા નહીં, બસ. ટોટલ મારી દીધો, નિલમે! શું? શ્રદ્ધામાં?

મુમુક્ષુઃ- શ્રદ્ધામાં કથંચિત્ નહીં, શ્રદ્ધામાં સર્વથા હોય. જ્ઞાનમાં સર્વથા નહીં. કથંચિત્ હોય.

ઉત્તરઃ- એમ.

મુમુક્ષુઃ- તો જ જ્ઞાન સાચું હોય.

ઉત્તરઃ- જ્ઞાનના પડખામાં કથંચિત્ રાખજે.

મુમુક્ષુઃ- શ્રદ્ધાના પડખામાં સર્વથા.

ઉત્તરઃ- સર્વથા રાખજે.

મુમુક્ષુઃ- મીઠાભાઈ બોલ્યા હતા કે લાલની લાલબત્તી છે.

ઉત્તરઃ- એમ બોલ્યા હતા? કાંઈક બોલ્યા ખરા પણ મારો ખ્યાલ નહોતો.

મુમુક્ષુઃ- લાલબત્તી કરી, ખ્યાલ રાખજે સર્વથા અભિન્ન નથી. એ લાલની લાલબત્તી છે. આ પરેગ્રાફમાં તો માલ છે.

ઉત્તરઃ- માલ છે. બહુ માલ છે.

મુમુક્ષુઃ- જેમ છે તેમ બરાબર જાણજે. શ્રદ્ધામાં સર્વથા અને જ્ઞાનમાં કથંચિત્.

ઉત્તરઃ- કથંચિત્ રાખજે, બસ. શ્રદ્ધામાં સર્વથા ભિન્ન રાખજે અને જ્ઞાનમાં નિર્મળ પર્યાયને કથંચિતભિન્ન-અભિન્ન જાણજે. ભિન્ન-અભિન્ન જાણજે, ભિન્ન-અભિન્ન માનશે એમ નહીં. ભિન્ન-અભિન્ન જાણજે, ઓમાં માનજે.

મુમુક્ષુઃ- સર્વથા ભિન્ન છે એમ માનજે, કથંચિતભિન્ન-અભિન્નને જાણજે.

ઉત્તરઃ- જાણજે. જાણવાના કાર્યમાં કથંચિત્ બરાબર છે. જાણવાની વાત આવે છે.

મુમુક્ષુઃ- અને શ્રદ્ધામાં સર્વથા.

ઉત્તરઃ- હા, સર્વથા ભિન્ન રાખજે. એવું જ સ્વરૂપ છે. જ્ઞાનમાં સર્વથા લાગુ ન પડે, શ્રદ્ધામાં લાગુ પડે. શ્રદ્ધાની સાથે જ્ઞાન પ્રગટ થાય, થાય ને થાય જ. તો શ્રદ્ધા સાચી. કથંચિત્ જો ના જન્મે તો શ્રદ્ધા ખોટી છે. કથંચિતનો જન્મ થાય ત્યારે સમ્યગ્દર્શન સાચું. બોલો હવે!

મુમુક્ષુઃ- લાલુભાઈ બોલે છે કે બીજું કોઈ બોલે છે?

ઉત્તરઃ- હા, એમ.

મુમુક્ષુઃ- અનુભવી બોલે છે, અનુભવ બોલે છે, સ્વરૂપ બોલે છે.

ઉત્તરઃ- થઈ ગયો ટાઇમ. બંધ કરો.

ૐ